તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯ | ૩૧ માર્ચ, ૨૦૧૬, ગુરૂવાર ; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ICC WORLD TWENTY20 INDIA 2016

# ભારત-વિન્ડીઝ વચ્ચે આજે સેમિફાઈનલ

## સાંજે સાત વાગ્યાથી ટ્વેન્ટી મેચનું જીવંત પ્રસારણ કરાશે : ફાઈનલમાં પહોંચવા માટે બંને ટીમ ઉત્સુક : વિરાટ કોહલી, ધોની સહિતના ભારતના સ્ટાર ખેલાડીઓ પર નજર : ગેઈલ ખતરનાક સાબિત થઈ શકે છે

મુંબઈ,તા. ૩૦

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ કપમાં આવતીકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ફાઈટ ટુ ફિનિશ જંગ ખેલાનાર છે. આ સેમીફાઈનલ મેચને લઈને ભારતીય ટીમ સંપૂર્ણ સજ્જ છે. ઓસ્ટ્રેલિયા સામે જીત મેળવી લીધા બાદ ભારતીય ખેલાડીઓનો નૈતિક જુસ્સો ચરમસીમા પર છે. બન્ને ટીમમાંથી હારનાર ટીમ સ્પર્ધામાંથી આઉટ થઈ જશે. જેથી બન્ને ટીમોની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ છે. ખાસ




કરીને કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ પર કરોડો ક્રિકેટ ચાહકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ટ્વેન્ટી-૨૦ કપની પ્રથમ મેચ જ ભારતની ન્યુઝીલેન્ડ સામે હાર થઈ હતી. ત્યારબાદ ભારતીય ટીમે વાપસી કરીને પોતાની અન્ય ત્રણેય મેચો જીતી લીધી હતી. જેમાં ભારતે પાકિસ્તાન પર અને બાંગ્લાદેશ પર રોમાંચક જીત મેળવી હતી.ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામે પણ રોમાંચક જીત મેળવી લીધી હતી. આ મેચને લઈને માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં ભારે ક્રિકેટ ક્રેઝ જોવા મળી રહ્યો છે.વાનખેડે પર રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને ટીમો જીત સાથે ફાઈનલમાં પહોંચી જવા ઈચ્છુક છે. જો કે ભારતીય ટીમ વધારે ફેવરીટ દેખાઈ રહી છે. ટીમ ઈન્ડિયામાં ધોની ઉપરાંત, રોહિત શર્મા, વિરાટ કોહલી, સુરેશ રૈના, યુવરાજ સિંહ જેવા સ્ટાર છવાઈ જવા માટે તૈયાર છે. સુરેશ રૈના હાલમાં ફ્લોપ રહ્યો છે પરંતુ તેના પર પણ આશા રહેલી છે. ભારત તરફથી હજુ સુધી વિરાટ કોહલીનો દેખાવ જોરદાર રહ્યો છે. બાકીના ખેલાડી અપેક્ષા કરતા નબળા સાબિત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સપ્ટેમ્બર સુધીમાં બેંકોને ૪૦ હજાર કરોડ ચુકવી દેવાશે

**વિજય માલ્યા અને કિંગફિશરની ખાતરી : સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી : માલ્યાની દરખાસ્તનો એક સપ્તાહમાં જવાબ આપવા બેંકોને સૂચના**

નવીદિલ્હી,તા.૩૦

બિઝનેસમેન વિજય માલ્યા અને કિંગફિશર એરલાઈન્સ લિમિટેડે આજે ફેર ચુકવણી માટેની એક દરખાસ્ત સીલ કવરમાં રજૂ કરી હતી જેમાં આ વર્ષે સપ્ટેમ્બર સુધી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં બેંકોના કોન્સોર્ટિયમને ૪૦૦૦ કરોડની ફેરચુકવણી



કરવાની ખાતરી આપવામાં આવી છે. માલ્યા અને કિંગફિશરની સાથે આ દરખાસ્તમાં અન્ય કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માલ્યાએ ૨૦૦૦ કરોડના અપફ્રન્ટની ચુકવણીની ઓફર કરી છે. જ્યારે ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી બાકીના ૨૦૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવામાં આવશે. તેમના વકીલ સીએસ વૈદ્યનાથનના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટમાં માલ્યા તરફથી ઓફર કરવામાં આવી છે પરંતુ તેમના વકીલે પ્રશ્નના સંદર્ભમાં મૌન પાળી રાખવાની વાત કરી છે. માલ્યા લંડનથી પરત આવશે કે કેમ તે સંદર્ભમાં કોઈપણ વાત કરવામાં આવી નથી.

# ઉત્તરાખંડમાં રાજકીય ઘમસાણમાં નવો વળાંક

## મંગળવારના સિંગલ જજના ચુકાદાની સામે અરજી કરાયા બાદ નવો ચુકાદો હાઈકોર્ટના ચુકાદા બાદ આજે ઉત્તરાખંડમાં શક્તિ પરીક્ષણ થઈ શકશે નહીં

## કેન્દ્રની અરજી બાદ ઉત્તરાખંડમાં ફ્લોર ટેસ્ટ ઉપર અંતે સ્ટે મુકાયો

દહેરાદૂન,તા. ૩૦

ઉત્તરાખંડમાં ચાલી રહેલા રાજકીય ઘમસાણમાં એક નવો વળાંક આવી ગયો છે. કેન્દ્ર સરકારની અરજી પર સુનાવણી ચલાવતી વેળા ઉત્તરાખંડ હાઈકોર્ટની ચીફ જસ્ટિસ કેએમ જોસેફ અને જસ્ટિસ વીકે બિસ્ટની બનેલી બેંચે આજે શક્તિપરીક્ષણના ચુકાદા ઉપર સ્ટે મુકી દીધો હતો. કોર્ટે આને પાંચમી એપ્રિલ સુધી ટાળવાનો આદેશ કર્યો હતો. આ અગાઉ ઉત્તરાખંડ હાઈકોર્ટે ૩૧મી માર્ચે રાજ્ય વિધાનસભામાં ફ્લોર ટેસ્ટનો ગઈકાલે આદેશ કર્યો હતો. તમામ ધારાસભ્યોને આમા ભાગ લેવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતુ કે, આ ફ્લોર ટેસ્ટ ૩૧મી માર્ચના દિવસે સવારે ૧૧ વાગે થશે. ઉત્તરાખંડ વિધાનસભાના સ્પીકર દ્વારા અગાઉ જે કોંગ્રેસી બળવાખોર નવ ધારાસભ્યોને ગેરલાયક ઠેરાવવામાં આવ્યા હતા તેમને પણ ફ્લોર ટેસ્ટમાં ભાગ લેવા માહિતી આપવામાં આવી હતી. વધુમાં સ્પીકરને પણ ફ્લોર ટેસ્ટના પરિણામ જાહેર નહીં કરવા માટે કહેવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રમાં ભાજપ

● અનુસંધાન પાન-૭ પર



પાણીની પરબ - ઉનાળાના આરંભના પગલે માર્ગો પર યાત્રિકો માટે પાણીની પરબ ઠેર ઠેર મંડાઈ છે... પાણીનો મહિમા આપણા જીવ વિજ્ઞાનમાં મોટો છે... ઉનાળામાં જ્યારે ગરમી વધતી જાય તેમ શરીરને પાણીની જરૂરીયાત પણ વધતી જાય છે... પાણીની તરસ છીપાવવા ગુજરાતના માર્ગો પર ઠેર ઠેર સેવાના પ્રતિક સમી પાણીની પરબો મંડાય છે... સેવા એ ગુજરાતના સંસ્કાર છે... ગુજરાતીપણાનો અહેસાસ છે... ગુજરાતના ગામે ગામ પાણીની પરબો મંડાય છે... મહાનગરો અને નગરોને જોડતા માર્ગો વૃક્ષોની છાંયામાં પાણીની પરબ ગુજરાતની સંસ્કૃતિની અનુભૂતિ કરાવે છે...

# વિધાનસભા સત્ર સમાપ્તિ સુધી વિપક્ષના તમામ સભ્યો સસ્પેન્ડ

## વિરોધ પક્ષના સભ્યોનો અનામતના મુદ્દે હોબાળો : મુખ્ય વિપક્ષી સભ્યોએ પાટીદાર ધારાસભ્યોને લોલીપોપ આપી : કોંગ્રેસના સભ્યો પાટીદારોની ટોપી પહેરી આવ્યા

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત વિધાનસભામાં આજે સતત બીજા દિવસે પણ ભારે હોબાળો રહ્યો હતો.કોંગ્રેસી સભ્યોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી જેના પરિણામ સ્વરુપે તમામ સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વિપક્ષના સભ્યોએ ગૃહમાં પાટીદાર ધારાસભ્યોને લોલીપોપ આપી હતી. જેમાં ચિમનભાઈ સાપરીયા અને જયંતી કવાડિયાને લોલીપોપ આપી હતી અને વિધાનસભામાં પણ લોલીપોપ ફેંકી હતી. ઉપરાંત મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ લોલીપોપ આપવાની કોશિશ કરી હતી. કોંગ્રેસના ધારાસભ્યોએ પાટીદારોની ટોપી પહેરીને વિધાનસભામાં વિરોધ કર્યો હતો. જેના પગલે આવતીકાલ સુધી વિધાનસભા મુલતવી રાખવામાં આવી છે. આ અંગે કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વિધાનસભામાં ૨૦ ટકા અનામતની ચર્ચા, જમીન સંપાદન બિલની ચર્ચા, કેગ અહેવાલ જેવા અગત્યના મુદ્દે અમે સરકારની પોલી ના ખોલીએ તેવા ભયની સરકારે અમને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે.

આજે ભાજપ દ્વારા લોકશાહીનું ખુન થયું છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરી કાળ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેરાત

ગાંધીનગર પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર બંધ કરવાનો નિર્ણય લીધેલ હોઈ, સભાસદોએ તેમનું શેર સર્ટી લઈ, તેમના નાણાં સેક્ટર-૧૭, બ્લોક નં. ૧૪૬/૪, 'ચ' ટાઈપ, ગાંધીનગર (શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજ) ખાતેથી શ્રી જે. આર. ગોહિલ રી.પો. ઈન્સ. પાસેથી એક માસની અંદર મેળવી લેવા વિનંતી છે. ફોન કરી આપવા વિનંતી.

તા. ૩૦/૩/૨૦૧૬

**સવારના ક. ૧૦.૦૦ થી ૧૨.૦૦ ● સાંજના ક. ૧૭.૦૦ થી ૧૯.૦૦**

**મોબાઈલ નંબર ૯૪૨૬૪ ૧૨૮૩૨**


## GPSC મેઈનની તૈયારી કરો

માનદ્ પ્રેરક-માર્ગદર્શક **શ્રી કે. જી. વણઝારાસાહેબ**ના માર્ગદર્શનમાં...

**વેદવ્યાસ વિદ્યાપીઠમાં GPSC મેઈનની તૈયારી માટે ઉપલબ્ધ વિષયો**

| | | | |
|---|---|---|---|
| અંગ્રેજી | ગુજરાતી | સામાન્ય જ્ઞાન 1 અને 2 | રેગ્યુલર બેચ સોમવારથી ગુરૂવાર સવારે : ૧૧.૩૦ થી ૩.૩૦ |
| ઈતિહાસ | ભૂગોળ | જાહેર વહિવટ | |
| સંસ્કૃત | રાજ્યશાસ્ત્ર | ગુજરાતી સાહિત્ય | વિકલી બેચ શનિવાર અને રવિવાર સવારે : ૧૧.૦૦ થી ૬.૦૦ |
| અર્થશાસ્ત્ર | સમાજશાસ્ત્ર | અંગ્રેજી સાહિત્ય | દર રવિવારે મોક એક્ઝામ |

- તર્કબદ્ધ રજુઆત અને આદર્શ સ્ટડી-મટિરિયલ સાથે ટોપિક વાઈસ માઈક્રો પ્લાનિંગ દ્વારા શિક્ષણ અને તાલીમ.
- GPSC માટે રાષ્ટ્રીયસ્તરનું શિક્ષણ અને નામાંકિત મહાનુભાવો અને અધિકારીઓ દ્વારા તાલીમ.
- સ્ટડી-મટિરિયલ સર્વાંગ અને સંપૂર્ણ, મેઈનના અભ્યાસક્રમ મુજબ ટોપિક-ટુ-ટોપિક મટિરિયલ અને પરીક્ષા પદ્ધતિ મુજબ MCQ અને વર્ણાત્મક વિષયોનું શિક્ષણ.
- GPSCના સ્તર અને કક્ષા મુજબ આદર્શ કસોટીઓ (મોક-એક્ઝામ) અને આદર્શ ઉત્તરોની વિશિષ્ટ શ્રેણી ધરાવતું મટિરિયલ.
- નીતિશાસ્ત્ર પેપર માટે ચોક્કસ કેસ-સ્ટડી અને દૃષ્ટાંતરૂપ ઘટનાઓ સાથે આદર્શ પ્રશ્નપત્રો અને મટિરિયલ્સ.
- ઘેર બેઠાં પેપર લખવા અને ઉત્તરવહી મેળવવાની સુવિધા ઉપલબ્ધ.

**માત્ર મોક એક્ઝામ આપવા ઈચ્છતા ઉમેદવારો માટે સુવિધા ઉપલબ્ધ**

VED VYAS VIDYAPITH

**॥ વેદ વ્યાસ વિદ્યાપીઠ ॥**

ત્રીજે માળ, બી-બ્લોક, પ્રમુખ આર્કેડ, રીલાયન્સ કોલેજ ચાર રસ્તા, સરગાસણ ક્રોસરોડ, ગાંધીનગર.

**Phone : 9998400003, 7227909090**



## વેચવાનું છે

સેક્ટર-૨/ડી, સ્વામિનારાયણ મંદિર રોડ ઉપર પ્લોટ નં. ૧૧૨૦/૨, ૧૩૫ ચો.મી.ના પ્લોટનું ભોંયરા સાથેનું બે માળનું મકાન વેચવાનું છે.

**સંપર્ક : ૯૭૧૨૭ ૩૧૮૬૭**

(દલાલ માફ)






